**Extra No. 7**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]   THURSDAY, JANUARY 1, 2026 / PAUSHA 11, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તારીખઃ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીવાયસી/૦૫/૨૦૨૫/એસવાયસીએડી/ડબલ્યુઆરટી/ઈ-ફાઇલ/૧૯/૨૦૨૪/૦૬૮૫/બી.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The District Sports Officer, Class II, in the General State Services, under the Sports Authority of Gujarat, Recruitment Rules, 2025**

**સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત હેઠળ, સામાન્ય રાજ્ય સેવાઓમાં, જિલ્લા રમતગમત અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી**

**જાહેરનામું**

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક. જીવાયસી/૦૫/૨૦૨૫/એસવાયસીએડી/ડબલ્યુઆરટી/ઈ-ફાઇલ/૧૯/૨૦૨૪/૦૬૮૫/બી:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત હેઠળ, સામાન્ય રાજ્ય સેવાઓમાં, જિલ્લા રમતગમત અધિકારી, વર્ગ ૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત હેઠળ, સામાન્ય રાજ્ય સેવાઓમાં, જિલ્લા રમતગમત અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત હેઠળ, સામાન્ય રાજ્ય સેવાઓમાં, જિલ્લા રમતગમત અધિકારી, વર્ગ ૨ ની જગા પરની નિમણૂક, સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨ માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી શારીરિક શિક્ષણ (બી.પી.ઇ.)ના સ્નાતક; /શારીરિક શિક્ષણ અને રમતગમત (બી.પી.ઇ.એસ.)ના સ્નાતક;/શારીરિક શિક્ષણ (બી.પી.એડ)માં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ₹ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી પ્રોબેશન (અજમાયશ) ઉપર રહેવું જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**નિલેશ ડામોર,**

સરકારના ઉપસચિવ.

--------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.19 09:08:56 IST